RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 86, Dt.20-06-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# તમિલનાડુમાં લઠ્ઠાકાંડથી ૨૯ પ્યાસીઓના મોત

### ૬૦ લોકોને ગંભીર અસર થતાં સારવાર હેઠળઃ પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી ૨૦૦ લીટર ઝેરી દારૂ કબ્જે કર્યોઃ કલ્લાકુરિચી જિલ્લામાં મિથેન-મિશ્રીત દારૂના વેચાણ બાદ કરુણાંતિકા સર્જાઇ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

તમિલનાડુના કલ્લાકુરિચી જિલ્લામાં ઝેરી દારૂ પીવાથી ૨૯ લોકોના મોત થયા છે, જયારે ૬૦થી વધુ લોકોને અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ કેસમાં પોલીસે એક વ્યક્તિની ધરપકડ પણ કરી છે. આરોપીઓ પાસેથી ૨૦૦ લીટર ઝેરી દારૂ મળી આવ્યો હતો, જેમાં મિથેનોલ ભેળવવામાં આવ્યું હતું.

આ ઘટના પર દુખ વ્યક્ત કરતા તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિને લખ્યું, નકલ્લાકુરિચીમાં ભેળસેળયુક્ત દારૂ પીવાથી લોકોના મોતના સમાચાર સાંભળીને હું આઘાત અને દુ:ખી થયો. આ કેસમાં ગુનામાં સંડોવાયેલા લોકોની ધરપકડ કરવામાં આવી છે. આને રોકવામાં નિષ્ફળ ગયેલા અધિકારીઓ





સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. જો જનતા આવા ગુનાઓમાં સંડોવાયેલા લોકોની માહિતી આપશે તો તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે. સમાજને બરબાદ કરતા આવા ગુનાઓને કડકાઈથી ડામવામાં આવશે.

તમિલનાડુના ગવર્નર આરએન રવિએ પણ મૃત્યુ અંગે શોક વ્યક્ત કર્યો હતો અને પીડિતોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી. તેમણે કહ્યું, નમને એ જાણીને આઘાત લાગ્યો કે નકલી દારૂના સેવનથી કલ્લાકુરિચીમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા. અન્ય ઘણા લોકો ગંભીર હાલતમાં જીવન અને મૃત્યુ વચ્ચે ઝઝૂમી રહ્યા છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના અને હું ઈચ્છું છું કે હોસ્પિટલમાં દાખલ લોકો જલ્દી સ્વસ્થ થઈ જાય.


તેમણે વધુમાં કહ્યું કે, નઅમે સમયે સમયે, અમારા રાજયના વિવિધ ભાગોમાંથી નકલી દારૂના સેવનથી મૃત્યુના અહેવાલો પ્રકાશમાં આવતા રહે છે. આ ગેરકાયદેસર દારૂના ઉત્પાદન અને વપરાશમાં સતત ક્ષતિ દર્શાવે છે. આ ગંભીર ચિંતાનો વિષય છે.

## નીટ મામલે સરકાર પર ભીંસ વધતા અમિત શાહે બોલાવી તાકીદની બેઠક

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મેડીકલમાં પ્રવેશ માટેની નીટ પરીક્ષામાં કથિત ગેરરીતિ મામલે કાનૂની જંગ વચ્ચે ઉશ્કેરાટ પણ વધી રહ્યો છે. હવે કોંગ્રેસ જેવા વિપક્ષોએ આવતીકાલે દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરવાનુ જાહેર કર્યુ છે ત્યારે હવે કેન્દ્ર સરકાર એલર્ટ થઈ છે. અમીત શાહે આજે શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન તથા આરોગ્યમંત્રી જે.પી.નડ્ડા સાથે બેઠક યોજી છે.

યુજીસી-નીટની ૧૮મી જૂને લેવાયેલી પરીક્ષા રદ કરીને સીબીઆઈ તપાસ યોજનાનુ જાહેર કરી દેવામાં આવ્યુ



જ છે. ૨૨ યુજી-નીટ પરીક્ષા મામલે પણ આવો નિર્ણય થવાની અટકળો વ્યક્ત થવા લાગી છે. પેપરલીક-ગોટાળાના આક્ષેપ સાથે વિદ્યાર્થીએ સીબીઆઈ તપાસની માંગ કરી જ રહ્યા છે.

૧૮મી જૂને યુજીસી-નીટ પરીક્ષા લેવાઈ હતી તેમાં ચોરી કે પેપરલીક અથવા ગેરરીતીની ચોકકસ માહિતી મળતા રાતોરાત પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવાયો હતો. નવેસરથી પરીક્ષા લેવા ઉપરાંત સીબીઆઈ તપાસ યોજવાનું જાહેર કરવામાં આવ્યુ છે.નીટ-યુજીસી પરીક્ષામાં પણ કથિત ગરબડનો મુદ્દો કેટલાક વખતથી સળગી જ રહ્યો છે. સુપ્રિમકોર્ટમાં કાનૂની જંગ ચાલુ છે. અદાલતે આકરી ટીપ્પણી પણ કરી છે. મામુલી ભુલ થઈ હોય તો પણ કબુલી લેવાની સૂચના આપી હતી. ૧૫૬૩ વિદ્યાર્થીઓને અપાયેલા ગ્રેસ માર્કસ રદ કરીને તેઓની નવેસરથી પરીક્ષા લેવાનું જાહેર થયુ છે.

## ગેમઝોન અગ્નિકાંડમાં કોણ જવાબદાર?ઃ સીટ સરકારને આજે રિપોર્ટ સુપ્રત કરશે

### હાઈ પાવર કમિટી પણ તા.૩૦ સુધીમાં ફાઈનલ અહેવાલ આપી દેશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં ગત તા. ૨૫ મેના રોજ લાગેલી ભીષણ આગ અને ૨૭ લોકોના મૃત્યુની ઘટના અંગે ઉચ્ચ કક્ષાએથી તપાસના દૌર ચાલી રહ્યા છે ત્યારે બનાવ બાદ તુરંત રચાયેલી સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમ (સીટ)નો અંતિમ રીપોર્ટ આજે સરકારને કમીટી સુપ્રત કરી દેવાની છે. તો આ બાદ બનાવવામાં આવેલી ત્રણ આઇએએસ ઓફિસરની હાઇપાવર કમીટી સરકારને ૩૦ જુન સુધીમાં રીપોર્ટ સોંપનાર છે.

સમગ્ર અગ્નિકાંડ માટે કોની સૌથી મોટી જવાબદારી છે તેનો ઉલ્લેખ આજના રીપોર્ટમાં થયો હોવાનું માનવામાં આવે



છે. આ રીપોર્ટ હાઇકોર્ટમાં પણ રજૂ કરવાનો હોય, અહેવાલ બાદ વધુ કડાકાભડાકા થવાની શકયતા નકારાતી નથી.

રાજકોટ ગેમઝોન-અગ્નિકાંડ પ્રકરણમાં સમગ્ર ઘટનાની તપાસ માટે સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમની રચના કરાઇ હતી. જેના પ્રાથમિક રિપોર્ટના આધારે રાજય સરકારે કેટલાક અધિકારીઓને સસ્પેન્ડ કર્યા હતા રાજકોટ પોલીસ કમિશ્નર તથા મ્યુનિસિપલ કમિશ્નરની તાકીદે બદલીના હુકમો કર્યા હતા. હવે આ સીટનો અંતિમ સંપૂર્ણ રીપોર્ટ આજે ગુરૂવારે રાજય સરકારને સુપ્રત થશે. જેને રાજય સરકાર દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં રજુ કરાશે.

રાજય સરકારે સીટની રચના ઉપરાંત પણ ૩ આઇએએસ ઓફિસરોને સામેલ કરતી હાઇપાવર કમીટીની પણ રચના કરી છે. જેનો રીપોર્ટ સરકારને ૩૦મી જુને પ્રાપ્ત થશે. રાજય સરકાર આ બંને રિપોર્ટસનો અભ્યાસ કર્યા બાદ ઝડપથી આ અગ્નિકાંડ માટેના તમામ જવાબદારો સામે પગલા ભરશે. રાજકોટમાં ગેમઝોનના અગ્નિકાંડમાં ૨૭ લોકોના મોત બાદ રાજય સરકાર અને તંત્રની સામે સ્થાનિક પ્રજાજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. તે ઘટનાની રાત્રે જ ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી ત્યાં પહોંચી ગયા હતા અને તેમણે સીટની રચના કરીને તાત્કાલીક રીપોર્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ઘટનાના બીજા દિવસની વહેલી સવારે રાજકોટ પહોંચી ગયા હતા અને તેમણે સ્થિતિની સમીક્ષા કરી હતી.

દરમ્યાનમાં સરકાર દ્વારા રચિત સીટની કાયવાહી સામે જ સવાલો પેદા થયા હતા.

## નીચા ભાવને પરિણામે બફર સ્ટોક માટે ડુંગળીની ખરીદી ટાર્ગેટ કરતા ઘણી નીચી

### વર્તમાન નાણાંકીય વર્ષ માટે પાંચ લાખ કાંદા ખરીદવાની યોજના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભાની ચૂંટણી તથા નીચા ભાવની ઓફરને પરિણામે કેન્દ્ર સરકાર દ્વારા બફર સ્ટોક માટે ડુંગળીની ખરીદી વર્તમાન નાણાં વર્ષના ટાર્ગેટ કરતા ઘણી જ નીચી રહ્યાનું જાણવા મળી રહ્યું છે. નાણાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે સરકારે પાંચ લાખ ટન ડુંગળી ખરીદીનો ટાર્ગેટ રાખ્યો છે, પરંતુ ટાર્ગેટના દસ ટકા જેટલી ખરીદી પણ હજુ થઈ શકી નહીં હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

ગયા નાણાં વર્ષમાં સરકારી એજન્સીઓએ ૬.૪૦ લાખ ટન ડુંગળીની ખરીદી કરી હતી જેમાંથી એક લાખ ટન હજુપણ સ્ટોકમાં હોવાનો દાવો કરાયો હતો.

વર્તમાન વર્ષમાં બે મહિના લાંબી ચાલેલી લોકસભાની ચૂંટણી ઉપરાંત



ખેડૂતોને ઓફર કરાતા નીચા ભાવને પરિણામે બફર સ્ટોકનો ટાર્ગેટ જૂનમાં અપેક્ષા પ્રમાણે સિદ્ધ થઈ શકયો નથી. નીચા ભાવને કારણે ખેડૂતો સરકારી એજન્સીઓને માલ વેચવા ઉત્સાહ ધરાવતા નથી.

ડુંગળીના ભાવમાં સ્થિરતા રાખવા સરકાર ૨૦૧૬-૧૭થી બફર સ્ટોક ઊભો કરે છે. તે અગાઉ સરકાર ભાવ ઘટાડાની સ્થિતિમાં ખેડૂતોને ટેકો આપવા જ ડુંગળીની ખરીદી કરતી હતી. નેશનલ એગ્રિકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન (નાફેડ) અને નેશનલ કોઓપરેટિવ કન્ઝયૂમર્સથ ફેડરશેન (એનસીસીએફ) મારફત સરકાર ડુંગળીની ખરીદી કરે છે. આવક નીચી રહેતા અને માગમાં વધારો થવાને પરિણામે ડુંગળીના ભાવમાં વર્તમાન મહિનાના પ્રારંભથી ૩૫થી ૪૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. માગ તથા પૂરવઠા વચ્ચેની અસમતુલાને કારણે ભાવ ઊંચકાયા હોવાનું સ્થાનિક ટ્રેડરે જણાવ્યું હતું. હાલમાં બજારમાં જે પૂરવઠો થઈ રહ્યો છે તે ખેડૂતો તથા ટ્રેડરો પાસે રહેલા સ્ટોક્સમાંથી આવી રહ્યો છે. હીટવેવ તથા કમોસમી વરસાદને કારણે ડુંગળીના પૂરવઠા પર અસર પડી હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું.

## કેન્દ્રની ખેડૂતોને મોટી ભેટ, ૧૪ ખરીફ પાકો પર MSP વધારવાની કેબિનેટની મંજૂરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે (૧૯ જૂન) ૧૪ ખરીફ પાકો પર મિનિમમ સપોર્ટ પ્રાઈઝ (MSP) વધારવાની જાહેરાત કરી છે. આ પાકોમાં રાગી, બાજરી, મકાઈ અને કપાસનો સમાવેશ થાય છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 'અગાઉ ડાંગરની MSP રૂ.૨૧૮૩ રૂપિયા હતી, જોકે તેમાં વધારો કરીને ૨૩૦૦ રૂપિયા કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે, કપાસની નવી MSP રૂ.૭૧૨૧ જ્યારે તેની બીજી જાત માટે નવી ૭૫૨૧ રૂપિયા નિર્ધારીત કરાઈ છે, જે અગાઉની એમએસપી કરતાં ૫૦૧ રૂપિયા વધુ છે. તેમણે એમ પણ કહ્યું કે, દેશમાં બે લાખ નવા ગોડાઉન બનાવવામાં આવશે. નવી એમએસપી પર બે લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે. ગત પાક સિઝનમાં એમએસપી પર આશરે ૧.૬૫ લાખ રૂપિયા ખર્ચ કરાયો હતો.

ખેડૂતોનો ફાયદો પહોંચાડવા અને



તેમને કોઈપણ નુકસાનથી બચાવવા માટે પાકો પર લઘુત્તમ ટેકાના ભાવની વ્યવસ્થા ઘણા વર્ષોથી ચાલી રહી છે. કેન્દ્રીય સરકાર પાકોના મિનિમમ ભાવ નક્કી કરે છે જેને ખજ઼ કે પછી લઘુત્તમ ટેકાના ભાવ કહેવામાં આવે છે. તેને એક ઉદાહરણથી સમજવાનો પ્રયાસ કરીએ છીએ. જો ક્યારેય પાકના ભાવ બજારના હિસાબથી ઓછા આવે છે, ત્યારે પણ સરકાર MSP પાકોને ખરીદે છે. અંદાજિત ૬૦ વર્ષ પહેલા તત્કાલિન સરકારે દેશને અનાજની અછતથી બચાવવા માટે ઘઉં પર MSP શરૂ કર્યું હતું. જોકે, સરકાર સીધા ખેડૂતોથી ઘઉંને ખરીદીને પીડીએસ સ્કીમ હેઠળ ગરીબોમાં વહેંચી શકે.

આ વાત સમજવું ઘણું જરૂરી છે કે સરકાર તમામ પાકો પર ખજ઼ નહીં આપે. સરકાર તરફથી ૨૪ પાકો પર ખજ઼ નક્કી થાય છે. એગ્રીકલ્ચર મિનિસ્ટ્રીના કમીશન ફોર એગ્રીકલ્ચરલ કોસ્ટ્સ એન્ડ પ્રાઇસિસ ડિપાર્ટમેન્ટ તરફથી શેરડીની MSP નક્કી કરવામાં આવે છે. આ એક ડિપાર્ટમેન્ટ તરીકે સૂચન આપે છે. આ કોઈ ઓર્ગેનાઈઝેશન નથી જે કાયદા તરીકે ખજ઼ નક્કી કરી શકે. આ માત્ર એક વિભાગ છે જે સૂચન આપે છે, આ કોઈ એવી સંસ્થા નથી જે કાયદાકીય રીતે ખજ઼ લાગૂ કરી શકે. ઓગસ્ટ ૨૦૧૪ એટલે અંદાજિત ૧૦ વર્ષ પહેલા શાંતા કુમાર કમિટીએ પોતાના રિપોર્ટમાં કહ્યું હતું કે, દેશમાં માત્ર ૬ ટકા ખેડૂતોને ખજ઼નું બેનિફિટ મળી શકે છે. બિહારમાં તો ખજ઼ પર ખરીદી જ નથી થતી. ત્યાં રાજ્ય સરકાર તરફથી પ્રાઈમરી એગ્રીકલ્ચર કોપરેટિવ સોસાયટી એટલે પેક્સની રચના કરાઈ હતી જે ખેડૂતોથી ડાયરેક્ટ અનાજ ખરીદે છે. પરંતુ ખેડૂતોનું કહેવું છે કે પેક્સ ઘણા અનાજની ખરીદે છે અને મોડું પેમેન્ટ કરે છે. ખેડૂતોને વધુ પડતા પાક ઓછી કિમત પર જ વચેટિયાઓને વેચવી પડે છે.

## રાજકોટના ગાંધીગ્રામમાં મિત્રના હાથે મિત્રની હત્યાઃ અરેરાટી

### 'તુ મારા મિત્રને ખોટા રસ્તે ચડાવે છે' તેમ કહી લોહાણા શખ્સે છરીનો ઘા ઝીંકી દેતા યુવાનનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીગ્રામમાં યુવાનની તેના જ મિત્રએ પેટમાં છરીનો એક જ ઘા ઝીંકી હત્યા કરી નાખતા ચકચાર મચી ગઇ છે. અર્જુન નામનો વીસ વર્ષનો યુવાન રાત્રે તેના બે મિત્રો દિવ્યેશ અને કશ્યપ સાથે ઘર નજીક એસકે ચોકમાં કર્ણેશ્વર કોમ્પલેક્ષ પાસે બેઠો હતો તે વખતે તેના જ બે મિત્રો કૃણાલ અને મયલાએ આવી ઝઘડો કરી 'તું અમારા મિત્ર હર્ષને ખોટા રવાડે ચડાવે છે' તેમ કહી ઝાપટો મારી કૃણાલે ઉશ્કેરાઇ જઇ છરીનો એક ઘા મારતાં દિવ્યેશ અને અર્જુન ખસી જતાં કૃણાલે બીજો ઘા અર્જુનને પેટમાં મારી દીધો હતો જે જીવલેણ નીવડયો હતો.

આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે હત્યાનો ભોગ બનેલા અર્જુન પ્રફુલભાઇ વ્યાસ (ઉ.વ.૨૦)ના પિતા ગાંધીગ્રામ શેરી નં. ૮-બ 'શાંતિકુંજ'માં રહેતાં અને રામેશ્વર હોલ પાસે શિવમ્ પાન નામે દૂકાન ધરાવતાં પ્રફુલભાઇ નર્મદાશંકર વ્યાસ (ઉ.વ.૫૮)ની ફરિયાદ પરથી ગાંધીગ્રામમાં જ રહેતાં કૃણાલ કિર્તીભાઇ અને સાધુ વાસવાણી રોડ પર આવાસ ક્વાર્ટરમાં રહેતાં મયલો ઉર્ફે ટકો વિરૂધ્ધ આઇપીસી ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪, ૧૩૫ (૧) મુજબ હત્યાનો ગુનો નોંધ્યો છે.

પ્રફુલભાઇ વ્યાસે જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને મારે સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. મોટો પુત્ર કરણ (ઉ.વ.૨૩) અને દિકરી ફાલ્ગુની







(તસ્વીરઃ આનંદ જાવિયા)

સાસરે છે. નાના દિકરાનું નામ અર્જુન (ઉ.વ.૨૦) હતું. અર્જુન અગાઉ હોર્ડીંગ લગાડવાનું કામ કરતો હતો અને હાલમાં છુટક ડ્રાઇવીંગ કરતો હતો. બુધવારે રાતે એકાદ વાગ્યે હું અને મારા પત્નિ ધર્મિષ્ઠાબેન ઘરે હતાં ત્યારે મારા દિકરા અર્જુનનો મિત્ર દિવ્યેશ ઘઘડા અમારા ઘરે આવ્યો હતો અને કહ્યું હતુ કે અર્જુનને એસકે ચોક પાસે કર્ણેશ્વર કોમ્પલેક્ષ બાપા સિતારામના ઓટા પાસે છરી મારી દીધી છે, જલ્દી આવો. આથી હું તુરત જ ચાલીને ઘર નજીક ત્રીજી શેરીમાં આવેલા કર્ણેશ્વર કોમ્પલેક્ષ પાસે પહોંચ્યો હતો.

ત્યાં ઘણા માણસો ભેગા થયા હતાં. મારો દિકરો અર્જુન પ્રફુલ પાન પાસે પડેલો હતો અને તેને પેટના ભાગે ડુટીથી ઉપરના ભાગે ઇજા હતી. તેમાંથી પરપોટા જેવુ બહાર નીકળી ગયેલુ હતું, લોહી નીકળતું હતું. તે બોલી શકતો નહોતો. બાજુમાં જ મારી ઇકો ગાડી પાર્ક કરેલી હોઇ તુરત જ મેં, દિવ્યેશ ઘઘડા, કશ્યપ સોલંકી અને બીજા લોકોએ મળી મારા દિકરા અર્જુનને ઇકો કારમાં સુવડાવી સિવિલ હોસ્પિટલે પહોંચ્યા હતાં. અહિ અર્જુનને ઇમર્જન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો.

રાતે એકાદ વાગ્યે કર્ણેશ્વર કોમ્પલેક્ષ પાસે આવતાં તે વખતે પણ અર્જુન, કૃણાલ અને મયલો ઝઘડો કરતાં હતાં. આ વખતે અર્જુન રડતો હતો અને આજીજી કરતો હતો જેથી મેં વચ્ચે પડીને કૃણાલ અને મયલાને સમજાવ્યા હતાં અને કૃણાલને બાવડુ પકડીને કહેલુ કે અર્જુનને જવા દે, આ વખતે કૃણાલે અચાનક પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી અર્જુનને મારવા જતાં હું વચ્ચે પડયો હોઇ મને ઘા લાગી જાત, પણ હું એ ક્ષણે જ ખસી ગયેલો, અર્જુનને પણ ઘા લાગ્યો નહોતો. પરંતુ કૃણાલે બીજો ઘા કરતાં અર્જુનને પેટમાં લાગી ગયો હતો. આથી તેને લોહી નીકળવા માંડતાં કૃણાલે મને કહેલું કે જો તું આને દવાખાને લઇ ગયો તો આપણો સંબંધ બગડી જશે...તેમ છતાં હું દોડીને તમારા ઘરે તમને જાણ કરવા આવ્યો હતો. તેમ દિવ્યેશે મને વાત કરી હતી.

કૃણાલ ચગ અને મયલા ટકાએ મારા દિકરા અર્જુન સાથે તું મિત્ર હર્ષ જાદવને ખોટા રવાડે ચવાડે છે તેમ કહી ગાળો દઇ ઝાપટો મારી ધમકી આપી બાદમાં છરીનો ઘા પેટમાં ભોંકી દઇ હત્યા કરી હતી. તેમ વધુમાં પ્રફુલભાઇ વ્યાસે જણાવતાં પીઆઇ બી. ટી. અકબરી, પીઆઇ બી. બી. જાડેજા, મહેશભાઇ રૂદાતલા, હંસરાજભાઇ ઝાપડા સહિતે ગુનો નોંધ્યો હતો. ડી. સ્ટાફના પીએસઆઇ એસ. એલ. ગોહિલ, એએસઆઇ ધર્મેન્દ્રસિંહ રાણા, મશરીભાઇ ભેટારીયા સહિતની ટીમોએ આરોપીઓને શોધી કાઢવા દોડધામ શરૂ કરી છે. હત્યાની આ ઘટનાથી વ્યાસ પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે. હત્યાના બે આરોપી પૈકી કૃણાલ અગાઉ પણ મારામારીમાં પોલીસ ચોપડે ચડયાનું બહાર આવ્યું છે. આરોપી પકડાયા બાદ વધુ વિગતો સામે આવશે.

# જામનગરના રણમલ તળાવ પાર્ટ -૨ નો વિકાસ નહીં પરંતુ વિનાશનો પ્રોજેકટ છે કોંગ્રેસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં આવેલા રણમલ તળાવ ફેસ ૨ અને ફેસ ૩ નું રીડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે. આ લાંબા સમયથી આ કામગીરીમાં વિરોધનો સુર ઉઠી રહ્યો છે. કોંગ્રેસ પક્ષ દ્વારા કામગીરીનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. જામનગર મહાનગરપાલિકા તળાવના બ્યુટીફીકેશન ૧ અને વિકાસના ના નામે વિનાસ કરી રહી છે. આવા આરોપો સાથે આજે વધુ એક વખત કોંગ્રેસ દ્વારા મ્યુનિ કમિશનર મોદીને રજૂઆત કરવામાં આવી હતી.કોંગ્રેસે રજૂઆતમાં જણાવ્યું છે કે, રણમલ તળાવના -ભાગ-૨, ૭ માં ૨ કિલોમીટર ના સાયકલીંગ ટ્રેક અને વોકિંગ ટ્રેક સહિતના ૩૦ કરોડ ના વિકાસ પ્રોજેક્ટ માટે મહાનગરપાલિકાએ ઊંડુ ઉતારવા સાથે ૧૦ ફૂટ ઉચું અને ૨૦ ફૂટ પહોળો ૨ કિલોમીટરની ત્રીજીયાનો પાળો બનાવવાની કામગીરી કરવાની બદલે બહારથી માટી લાવીને છેલ્લા




૧માસમાં ઠાલવી દેવાની પ્રવૃતિથી બ્રાહમણીય અને સુંદર દેખાતું તળાવને બુરીને વિકાસ કરવાની જગ્યાએ વિનાસ કરી રહી છે. જે બંધ નહિ થાય તો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતીકોંગ્રેસે રજૂઆતમાં જણાવ્યું છે કે, જામનગર મહાપાલિકા દ્વારા હાલ લાખોટા તળાવના પાછળના ભાગમાં બ્યુટીફિકેશન ચાલી રહ્યું છે. સાયકલ ટ્રેક વગેરે બનાવવામાં આવી રહ્યા છે જેથી તળાવની બુરવામાં આવી રહ્યું છે. આ તળાવ બુરાતા વિકાસ નહીં પરંતુ વિનામા સર્જાઈ રહ્યો છે. તળાવના કારણે અર્ધા જામનગરના બોર, કુવા રિચાર્જ થઈ રહ્યા હોય છે ત્યારે આ વિનાશરૂપ બ્યુટીફિકેશન તાત્કાલિક અટકાવવા જામ્યુકોના વિપક્ષી નેતાની આગેવાનીમાં કોંગ્રેસી કોર્પોરેટરો અને કોંગી અગ્રણીઓએ મ્યુ. કમિશ્નર ડી.એન. મોદીને આવેદનપત્ર આપી પોતાનો વિરોધ વ્યકત કર્યો હતો.

# જામનગરમાં બાલાજી વેફર્સના પેકેટમાંથી નીકળ્યો મૃત દેડકો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં વેફરના પેકેટમાંથી નીકળ્યો દેડકો જાણીતી વેફર્સ કંપનીના પેકેટમાંથી નીકળ્યો દેડકો પુષ્કરધામના રહેવાસીએ વેફર્સનુ પેકેટ ખરીદ્યું હતું વેફરના પેકેટમાંથી મૃત દેડકો નિકળ્યાની ફરિયાદ કરાઈ ફુડ વિભાગને જાણ કરતા ફુડ વિભાગ દ્વારા કાર્યવાહી.જામનગર બાલાજી વેફરમાંથી દેડકો નીકળ્યો છે. હાલ આ મામલે ફૂડ વિભાગે આગળની તપાસ હાથ ધરી છે. તો બીજી તરફ કંપનીના માર્કેટીંગ મેનેજરે કહ્યું હતુ કે, અમારા પ્લાન્ટ ઓટોમેટિક છે. તેમાં આ રીતે દેડકો પેકેટમાં જાય તે શક્ય જ નથી. તેમ છતા અમે તપાસ કરી રહ્યા છીએ.જામનગરમાં પુષ્કરધામ સોસાયટી શેરી નંબર-૫માં રહેતા જસ્મિન પટેલ નામની વ્યક્તિની ભત્રીજીએ ગઈકાલે પ્રોવિઝન સ્ટોર પરથી બાલાજી વેફરનું પેકેટ ખરીદ્યું હતું. એ પેકેટને ઘરે લઈ ગયા પછી એને ખોલતાં એમાંથી મૃત હાલતમાં દેડકો મળ્યો હોવાનો જસ્મિન પટેલે આક્ષેપ કર્યો છે. વેફરમાંથી રાત્રે દેડકો નીકળતાં તેમણે પેકેટવાળીને મૂકી દીધુ





હતું અને સવારે જસ્મિન પટેલે જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખાનો સંપર્ક કરતાં ફૂડ શાખાએ આગળની તપાસ હાથ ધરી છે.આ અંગે જસ્મિન પટેલે જણાવ્યું હતું કે મારી ભત્રીજીએ બાજુની દુકાન પટેલ જનરલ સ્ટોર્સ પર ગઇકાલે ૮ વાગતાં બાલાજી કંપનીની વેફર લીધી હતી. રાત્રે ૧૧ વાગતાં મારી નવ મહિનાની છોકરી અને ભત્રીજી વેફર ખાતાં હતાં ત્યારે અચાનક અંદરથી મરેલો દેડકો નીકળતાં તેમણે પેકેટ ફેંકીને મને જાણ કરી હતી. મેં જોયું તો અંદર મરેલો દેડકો હતો. રાત્રે મેં પેકેટ એમ ને એમ મૂકી દીધું હતું અને સવારે દુકાને આવીને મેં દેડકો દેખાડ્યો હતો જસ્મિન પટેલે વધુમાં જણાવ્યું કે દુકાનદાર સાથે વાતચીત કરીને એજન્સીવાળા જોડે વાત કરી હતી. તેમણે કસ્ટમર કેરમાં વાત કરી હતી, પણ કંઇ જવાબ ન મળ્યો તો અમે કસ્ટમ કેરમાં ફોન કર્યો તો મેડમે અમને કહ્યું, તમારે જે કરવું હોય એ કરો, અમારે તો આવા કેસ આવતા જ રહેતા હોય છે. જસ્મિન પટેલે કહ્યું કે મારી નવ મહિનાની છોકરી અને મારા ભાઇની ચાર વર્ષની છોકરીને કંઇ થઇ ગયું હોત તો જવાબદાર કોણ?એજન્સી સંચાલક કમલેશ ગંગતાણીએ જણાવ્યું હતું કે અમારો ૨૦ વર્ષથી બિઝનેસ છે, આટલાં વર્ષથી આવું કઇ બન્યું નથી. ખૂલેલું પેકેટ છે અને અંદર કંઇક દેડકા જેવું જીવજંતુ છે એવું કહે છે. અમને બોલાવ્યા તો અમે જોવા આવ્યા છીએ. પેકેટ ખૂલ્યા બાદ જ અંદર શું છે એ ખબર પડે ને એવા સવાલમાં કમલેશ ગંગતાણીએ જવાબ આપવાનું ટાળ્યું હતું.આ અંગે જામનગર ફૂડ સેફ્ટી ઓફિસર ડી.બી. પરમારે જણાવ્યું હતું કે વેફરમાંથી દેડકો નીકળ્યાની અમને ટેલિફોનિક સૂચના મળતાં અમે અહીં આવ્યા છીએ. અહીં આવ્યા બાદ અમે ચેક કર્યું તો વેફરના પેકેટમાં દેડકો ચીપાઇ ગયેલો હોય એવું જોવા મળ્યું છે. હાલ અમે આ એજન્સીમાંથી આજ બેચના પેકેટના નમૂના લેવાની કાર્યવાહી હાથ ધરી છે અને આગળની તપાસ હાલ ચાલુ છે.

# જામનગર-લાલપુરમાં પાના ટીંચતી ૧૧ મહિલા સહિત ૨૧ની ધરપકડ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જુગાર રમનારાઓને પકડી લીધા હતા જેમાં હરીયા કોલેજ પાસે જીઆઇડીસી એપાર્ટમેન્ટની બાજુના વિસ્તારમાં જાહેરમાં તિનપતીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડીને ૧૦ મહિલા સહિત ૧૧ની અટકાયત કરી હતી, જયારે લાલપુર પોલીસ દ્વારા ખડખંભાળીયા નદી કાંઠે અને ચોરબેડી વિસ્તારમાં બે દરોડા પાડીને ૧ મહિલા સહિત ૧૦ જુગારીને અટકમાં લીધા હતા.જામનગરના હરીયા કોલેજ નજીક જીઆઇડીસી એપાર્ટમેન્ટની બાજુમાં જુગાર રમાતો હોવાની બાતમી એલસીબીને મળી હતી જેના આધારે દરોડો પાડીને જાહેરમાં



ગોળ કુંડાળુ વાળી તિનપતીનો જુગાર રમતા જીઆઇડીસી એપાર્ટમેન્ટ બ્લોક ૨૬માં રહેતા વેપારી હિતેન પ્રભુલાલ નોકીયાણી તથા ભીમવાસના ઢાળીયા પાસે રહેતી નયનાબેન નિતીન ગોંડલીયા, માતૃઆશિષ સોસાયટીમાં રહેતી મમતાબેન દિપક ગોવાણી, પટેલ કોલોની શેરી નં. ૮/૪ ખાતે રહેતી જોશનાબેન મિતેશ પટેલ, જકાતનાકા સોહમનગરમાં રહેતી ગીતાબેન ભગવાનજી પિત્રોડા, તિરુપતી સાંઇનાથ શેરીમાં રહેતી રેખાબેન ભગવાનજી ચૌહાણ, માતૃઆશિષ સોસાયટીની હંસાબેન દિપક ગોવાણી, જનતા ફાટક એમ/૫ ખાતે રહેતા લીલાબેન ધીરુ ઠક્કર, શકિતનગરની શોભનાબેન ભરતસિંહ વાઢેર, ઢીચડાના કોકીલાબેન અરવિંદ કટેશીયા અને કામદાર કોલોનીના જયશ્રીબેન ભીખુ જોશીની અટકાયત કરવામાં આવી હતી. દરોડા દરમ્યાન રોકડા ૨૪૫૦૦, ગંજીપતા કબ્જે કરાયા હતા.બીજા દરોડામાં લાલપુરના ખડખંભાળીયા ગામની નદીના કાંઠે જાહેરમાં ગંજીપતા વડે જુગાર રમતા દરેડ મુરલીધર સોસાયટી-૧માં રહેતા ગોપાલ જગદીશ પાટડીયા, ખોડીયારનગરના કરશન મનસુખ સિંહોરા, કરાણા ગામના બાબુ નરશી કંબોલીયા, ખડખંભાળીયાના જમન લખમણ કોડીનારીયા, ચંદ્રીકાબેન કિશોર કમેજારીયાની અટકાયત કરી રોકડા ૧૫૬૨૦ અને ગંજીપતા જપ્ત કરાયા હતા.અન્ય દરોડામાં લાલપુર તાલુકાના ચોરબેડી, શાળાની પાછળ બાવળની ઝાડીમાં જાહેરમાં તિનપતીનો જુગાર રમતા ચોરબેડી ગામના અલ્પેશ રાયશી વશરા, પ્રકાશ નાગજી મકવાણા, વિપુલ ગગુ વશરા, દેવશી ગોવિંદ ગાગીયા અને પરેશ મેરામણ વશરા નામના શખ્સોને રોકડ ૧૦૨૯૦ તથા ગંજીપતા સાથે પકડી લીધા હતા, આ બંને દરોડા લાલપુર પોલીસ દ્વારા પાડવામાં આવ્યા હતા

# જામનગરમાં ૩૦ કરોડના ખર્ચે પાર્ટ -૨ વિકાસ પ્રોજેક્ટ હેઠળ યોગા, સાયક્લીંગ, જોગીંગ, હર્બલ ગાર્ડની સુવિધા વધશેઃ મ્યુનિ. કમિશનર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના પાછલા તળાવમાં પાણીની સંગ્રહ ક્ષમતા ૧.૦૫ કરોડ લીટર વધશે રૂ.૩૦ કરોડના ખર્ચે મહાપાલિકાનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ૨૪ મહિનામાં પૂર્ણ થશે.તળાવમાં આશરે ૧૪,૯૫૦ ક્યુબીક મીટર જેટલું ખોદાણ કરવામાં આવશે જામનગર મહાનગરપાલિકા દ્વારા તળાવ પાર્ટ-૨ ના વિકાસ પ્રોજેક્ટ માટે કામ ચાલી રહ્યું છે. આશરે ૩૦ કરોડના આ પ્રોજેક્ટમાં પાણીની સંગ્રહશક્તિ વધારવા માટે ખોદકામ કરવામાં આવશે જેનાથી એક કરોડ લીટર પાણીની સંગ્રહ શક્તિનો વધારો થશે તેમ મ્યુનિ. કમિશનર ડી.એન. મોદીએ જાહેર કર્યું હતું.આ પ્રોજેક્ટમાં આશરે ૧૪,૯૫૦ ક્યુબીક મીટર જેટલું ખોદાણ કરવામાં આવશે જેમાંથી એક કરોડ લીટર પાણીની




સંગ્રહ શક્તિનો વધારો થશે. રણમલ તળાવ પાર્ટ-૨માં ઊભી કરવામાં આવનાર સુવિધા અંગે તેમણે જણાવ્યું હતું કે, અહિં બર્ડ વોચ ટાવર, ગ્રીન બેલ્ટ એરિયા, બટર ફ્લાય ગાર્ડન, હર્બલ ગાર્ડન, ઓટોમેટિક ગાર્ડન, લોન-મઢુલી ઉપરાંત ખુલ્લી જગ્યામાં યોગા-મેડીટેશન, વૃક્ષોની હરિયાળી, બર્ડ માટે આઈલેન્ડ, સાયકલ ટ્રેક, જોગીંગ અને રનિંગ ટ્રેક, ફૂડ ઝોન વગેરેની સુવિધા લોકો માટે-પ્રવાસીઓ, મુલાકાતીઓ માટે ઊભી કરવામાં આવશે.૩૦ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ ૨ વર્ષના સમયગાળામાં પૂર્ણ થશે.

આ માટે કમિશનર ડી.એન. મોદી, એએમસી ભાવેશ જાની વગેરે પુરજોશથી કામ કરી રહ્યા છે.તળાવ ૧ અને ૨ વચ્ચે ટ્રાફિક ઘટાડવા બીજો રોડ બનશે તળાવ ફરતે લોકો માટે વાહન વ્યવહારની સુચારૂ વ્યવસ્થા અને સુગમતા માટે તળાવ ૧ અને ૨ વચ્ચે ટ્રાફિકની સમસ્યાને ઘટાડવા માટે બીજા રોડની લેનનું નિર્માણ તથા જૂની આરટીઓ ઓફિસ પાસેથી સાત રસ્તાને જોડતા ટુ લેન રોડનું નિર્માણ પણ આ પ્રોજેક્ટ અંતર્ગત આવરી લેવાયું છે.

# જામનગર જી.એસ.એફ.સી. ખાતે એમોનિયા લીકેજ સમયે ઈમરજન્સીમાં બચાવ રાહતકાર્યની સફળતાપૂર્વક મોકડ્રીલ યોજાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમા જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, કલેકટર કચેરી જામનગર અને જામનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે જામનગર જી.એસ.એફ.સી. ખાતે એમોનિયા લીકેજ સમયે ઈમરજન્સીમાં બચાવ રાહતકાર્યની સફળતાપૂર્વક મોકડ્રીલ યોજાઈ હતી.જિલ્લા કલેકટર બી.કે.પંડયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં પ્રાંત અધિકારી જામનગર ગ્રામ્ય ઈન્સીડેન્ટ કમાન્ડર તરીકે આ મોકડ્રીલમાં સહભાગી થયાં હતાં. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન ટીમ જામનગર, મહાનગરપાલિકાની ફાયર શાખા, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગ, આરોગ્ય વિભાગ, ૧૦૮ ઈમરજન્સી સેવા સહિત તમામ સંલગ્ન વિભાગોના સભ્યોએ હાજર રહી પોતાની જવાબદારી મુજબની તાકીદની કામગીરી મોકડ્રીલ દરમિયાન પૂર્ણ કરી હતી.મોકડ્રીલ પૂર્ણ થયા બાદ ડી-બ્રીફ મિટિંગ યોજવામાં આવેલ હતી જેમાં તમામના મંતવ્યો જાણી પ્રાંત અધિકારી ગ્રામ્ય દ્વારા જરૂરી સૂચનો આપવામાં આવેલ.ભવિષ્યમાં જો આવી કોઈ આપત્તિ ઉભી થાય ત્યારે વિવિધ વિભાગની શું ફરજ હોય છે, તેની ચર્ચા કર્યા બાદ આ ડ્રીલમાં સહભાગી થયેલ તમામ કર્મચારીઓનો આભાર વ્યક્ત કરી આ મોકડ્રીલ પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

# હળવદના ભલગામડા ગામે માલઢોર ચરાવવાની બાબતમાં એક જ પરિવારના છ સભ્યો ઉપર હુમલો

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ તાલુકાના ભલગામડા ગામે ઘેટા બકરા ચરાવવા બાબતે કોઈ કારણોસર બે પક્ષ વચ્ચે બોલાચાલી થયા બાદ ઝઘડો શરૂ થઈ ગયો હતો. ત્યારે સામે પક્ષના સાત શખ્સોએ એક જ પરિવારના બે મહિલા સહિત છ સભ્યોને લાકડી, ધોકા તથા આડેધડ ઢીકાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે સમગ્ર બનાવ બાબતે ઈજાગ્રસ્ત પરિવાર દ્વારા હળવદ પોલીસ મથકમાં સાત આરોપીઓ સામે ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર હળવદ તાલુકાના ભલગામડા ગામે વાડી વિસ્તારમાં રહેતા ગણપતભાઈ ઘનશ્યામભાઈ ભાટીયા ઉવ.૩૨ એ હળવદ પોલીસ મથકમાં આરોપીઓ નારણભાઈ ઉર્ફે સામંતભાઈ મશરુભાઈ ધ્રાંગીયા, દિનેશભાઈ ટીડાભાઈ ધ્રાંગીયા, લાખાભાઈ ડાહ્યાભાઈ ધ્રાંગીયા, બાબુભાઈ સંગ્રામભાઈ, કરશનભાઈ પબાભાઈ ધ્રાંગીયા, દેવાભાઈ આલાભાઈ ધ્રાંગીયા, વિહાભાઈ જલાભાઈ ધ્રાંગીયા, પુનાભાઈ ઉર્ફે પુનીયો રાઘવભાઈ ગમારા તમામ રહે.ભલગમડા તા.હળવદ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ફરિયાદી ગણપતભાઈ તથા તેના કૌટુમ્બીક ભાઈ ઈંદ્રજીતભાઈ પચાણભાઈ ભાટીયા તથા યુવરાજભાઈ પચાણભાઈ ભાટીયા આરોપીઓ દિનેશભાઈ ટીડાભાઈ ધ્રાંગીયા(ભરવાડ), નારણ ઉર્ફે સામંત મશરુભાઈ ધ્રાંગીયા (ભરવાડ) તથા લાખા ડાયાભાઈ ભરવાડ સાથે ઘેટા બકરા ચરાવવા બાબતે બોલાચાલી થતા જે ઝગડાને કારણે આ કામના આરોપીઓએ ફરીયાદી ગણપતભાઈ તથા તેના પરિવારના સભ્યો સાથે તા. ૧૯/૦૬/૨૦૨૪ ના બપોરના પોણા ચારેક વાગ્યાના સુમારે બોલાચાલી ઝગડો કરી ગાળો બોલી છુટા પથ્થરો તથા લાકડી, લોખંડનો પાઇપ જેવા હથિયાર તેમજ આડેધડ ગળદાપાટુ મારી ફરિયાદી ગણપતભાઈ સહિત પરિવારના સભ્યો પ્રવિણભાઈ, હંસાબેન પચાણભાઈ ભાટીયા તથા કોમલબેન યુવરાજભાઈ ભાટીયા ને શરીરે ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એક સંપ કરી એકબીજાને મદદગારી કરી હતી. જે મુજબની ફરિયાદ નોંધાવતા હાલ હળવદ પોલીસે તમામ આરોપીઓ સામે આઇપીસી ની અલગ અલગ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓની અટકાયત કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર જિલ્લા પંચાયતની આઈસીડીએસ શાખા દ્વારા ૧૫ સ્માર્ટ આંગણવાડીઓનું ઈ- લોકાર્પણ કરાયું







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસરના અધ્યક્ષસ્થાને આઈસીડીએસ શાખા દ્વારા નવનિર્મિત ૧૫ સ્માર્ટ આંગણવાડીઓનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જામનગર જિલ્લા પંચાયતની વર્ષ ૨૦૨૩- ૨૪ ની સ્વભંડોળની ગ્રાન્ટમાંથી સમગ્ર જિલ્લામાં ૧૫ સ્માર્ટ આંગણવાડીનું નિર્માણ કરવામાં આવ્યું છે.કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય વડે કરાઈ હતી. દીપ પ્રાગટ્ય કરાયા બાદ આંગણવાડીના ભૂલકાઓએ બાળગીત પર સુંદર નૃત્યની પ્રસ્તુતિ કરી હતી. સમગ્ર વર્ષ દરમિયાન જિલ્લાના વિવિધ આંગણવાડી કેન્દ્રોમાં શ્રેષ્ઠ ફરજ બજાવનાર આંગણવાડી કાર્યકરોનું શિલ્ડ આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. મહેમાનોને ભેટ સ્વરૂપે પુષ્પગુચ્છના બદલે આંગણવાડીના બાળકોએ તૈયાર કરેલી પ્રતિકૃતિ આપવામાં આવી હતી.જામનગર જિલ્લામાં જગા, ખીજડીયા, સરમત, સિક્કા, દરજી શેરી, નાના ગરેડીયા, જોડિયા, કાલાવડ, મેમાણા, જોગવડ, જામજોધપુર, તરસાઈ, મોટા વડીયા મળીને કુલ ૧૫ સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોનું નવનિર્માણ કરવામાં આવ્યું છે. તેમજ આંગણવાડીઓની વિવિધ સેવાઓ, ઉપલબ્ધિઓ દર્શાવતું સુંદર વિડીયો ગીત ''અમે કોણ, અમે આંગણવાડીવાળા'' નું મંચસ્થ મહાનુભાવોના હસ્તે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.જામનગર જિલ્લા પંચાયતની વર્ષ ૨૦૨૩-૨૪ ની સ્વભંડોળની રૂ.૧૫ લાખની ગ્રાન્ટમાંથી એક આંગણવાડી કેન્દ્ર દીઠ રૂ.૧ લાખનું બજેટ ફાળવવામાં આવ્યું હતું. જેના અનુસંધાને કુલ રૂ.૧૫ લાખના ખર્ચે ૧૫ સ્માર્ટ આંગણવાડી કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે જામનગર જિલ્લા પંચાયતની વર્ષ ૨૦૨૧- ૨૨ ની સ્વભંડોળની ગ્રાન્ટમાંથી સમગ્ર જિલ્લામાં ૧૦ જેટલા સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોનું નિર્માણ કરાયું હતું.સ્માર્ટ આંગણવાડી એટલે શું ?

સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોમાં વોટર પ્રુફિંગ કલરકામ, આકર્ષક ચિત્રકામ, શરીર, ફળો, શાકભાજી, વાહન, પશુ, પક્ષી, ઋતુ, તહેવારો વગેરે માહિતીસભર ચાર્ટ્સ, રસોઈ માટેના તમામ સાધનો, ડીશ કનેક્શન, એલઈડી ટીવી, બ્લ્યુટુથ માઈક જેવી નાની મોટી તમામ સુવિધાઓ ઉપલબ્ધ હોય છે. બાળકોને તેમના ઘર જેવું જ વાતાવરણ આંગણવાડી કેન્દ્રમાં મળે તે માટે સમગ્ર સ્ટાફ મિત્રો દ્વારા નાની નાની વાતોની કાળજી લેવામાં આવે છે. બાળકોને દરરોજ પૌષ્ટિક તત્વોથી ભરપૂર સવારનો નાસ્તો અને ભાવતા ભોજનીયા પીરસવામાં આવે છે.ડિસ્ટ્રીક્ટ આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસર બિનલ સુથારે ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે ધ્રોલ સીડીપીઓ નર્મદા થોરિયાએ આભારવિધિ કરી હતી. ઉક્ત કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પંચાયતના પદાધિકારીઓ સર્વે ભાવનાબેન ભેંસદડિયા, પ્રવિણાબેન ચભાડીયા, ગોમતીબેન ચાવડા, આરોગ્ય અધિકારી ડો.નૂપુર પ્રસાદ, આઈસીડીએસ શાખાના અધિકારીગણ, કર્મચારીગણ, વિવિધ આંગણવાડીના કાર્યકર બહેનો, તેડાગર બહેનો, મુખ્ય સેવિકા બહેનો, આંગણવાડીમાં અભ્યાસ કરતા ભૂલકાઓ, વાલીઓ અને બહોળી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

# જામનગર જિલ્લા કલેકટર બી.કે.પંડયાના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેકટર બી.કે.પંડયાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં જિલ્લા માર્ગ સલામતી સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં થયેલી ચર્ચા અનુસાર શહેરના અતિવ્યસ્ત વિસ્તારોમાં વનવેમાં રોંગ સાઈડથી આવતા વાહનોને રોકવા માટે ઈ- મેમોની કામગીરી કડક બનાવવી, જામનગર લાલપુર હાઇવે પર ક્રેશ બેરીયર મુકાવવા, ઝીરો ફેટેલીટી કોરિડોરનું નિર્માણ થાય, રખડતા ઢોરને પકડવાની કામગીરી, જાહેર માર્ગો પર સૂચના આપતા બોર્ડઝ લગાવવા, કેનાલની આસપાસ પ્રોટેક્શન વોલ



બનાવવી વગેરે કાર્યો અત્યારે હાથ ધરવામાં આવ્યા છે.જિલ્લા કલેકટરએ જણાવ્યું હતું કે સમગ્ર જિલ્લામાં ગેરકાયદેસર હોર્ડિંગ્સ ઉતારવાની કામગીરી ચાલી રહી છે. તાજેતરમાં જિલ્લા સમર કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં બાળકોને માર્ગ સલામતીના નિયમો વિશે જાગૃત કરાયા હતા. સમગ્ર જિલ્લામાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ બાળકોની સલામતીને ધ્યાનમાં રાખતા ત્યાં અલગથી પાર્કિંગ ઝોન બનાવવા વિષે વિચારણા ચાલી રહી છે.ઉલ્લેખનીય છે કે આ વર્ષ દરમિયાન આરટીઓ કચેરી દ્વારા આયોજિત ૨૧ જેટલા કાર્યક્રમોમાં ૧૮૫૫ જેટલા લાભાર્થીઓએ માર્ગ સલામતીના નિયમો વિષે જાણકારી મેળવી છે. ટેક્સી પાર્કિંગ, આર.સી. બુક વગેરે જરૂરી સાધનિક કાગળો વગરના ૨૦ સ્કૂલ વર્ધી ચાલકોને દંડ કરવામાં આવ્યો છે. તેમજ સીએનજી ટેન્કવાળા વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે.ઉક્ત બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, પ્રાંત અધિકારીઓ તેમજ સમિતિના અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

# ચુડાસમા પ્લોટમાં સ્કોર્પીયો ચાલકે અનેક વાહનને હડફેટે લીધા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરના રૈયા રોડ પાસે આવેલા ચુડાસમા પ્લોટ વિસ્તારમાં આજે બપોરના સતત ટ્રાફિકથી ધમધમતા રસ્તા પર એક કાર લઈ સગીર નીકળ્યો હોય પોલીસે તેને અટકાવવાનો પ્રયાસ કરતા સગીર પુરપાટ ઝડપે scorpio કાર ચલાવીને નાસી જતા પોલીસે તેનો પીછો કર્યો હતો scorpio કાર ના ટાયરમાં પંચર થઈ જતા કારનું બેલેન્સ બગડ્યું હતું અને આ સગીરે અનેક વાહનો ને હડફેટે લઈ હિટ એન્ડ રનની ઘટના સર્જી હતી સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી

## ૨૫ જુને અગ્નિકાંડના મૃતકોની પ્રથમ માસીક પુણ્યતીથી નિમિતે રાજકોટ બંધનું કોંગ્રેસનું એલાન



(તસ્વીરઃ આનંદ જાવિયા)

અગ્નિકાંડમાં મૃત્યુ પામેલાઓની પ્રથમ માસીક પુણ્યતીથી નિમિતે આગામી તા.૨૫ જુનના કોંગ્રેસ દ્વારા રાજકોટ બંધનું એલાન આપવામાં આવ્યું છે. આ અંતર્ગત આજે શહેર કોંગ્રેસના આગેવાનો તેમજ કાર્યકરો દ્વારા શહેરના કિશાનપરા ચોકમાં, હનુમાનમઢી તેમજ અન્ય વિસ્તારોમાં પત્રીકાનું વિતરણ કરાયું હતું. જેમાં રાજકોટવાસીઓને સ્વયંભુ બંધ પાડવા અપીલ કરાઈ હતી. ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી, કોંગ્રેસ આગેવાન ગોપાલ અનડકટ સહિતના આગેવાનો તેમજ કાર્યકરો આજે શહેરમાં ફર્યા હતા.

## રાજસ્થાનમાં ઘરફોડ ચોરી કરનાર તસ્કર રાજકોટમાં ઝડપાયો

### શહેર અને ગ્રામ્યમાં તડીપાર થયેલા બે શખ્સો ચોરાઉ બાઈક સાથે ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો અટકે અને ઘરફોડ ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીઓને શોધવા અંગેની ડ્રાઈવ દરમિયાન રાજસ્થાનમાં ઘરફોડ ચોરીના આરોપીને રાજકોટમાં પોલીસે દબોચી લીધો હતો.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમના પીએસઆઈ



બી.વી.બોરીસાગર, હેડ કોન્સ્ટેબલ જીતુભા, વિજેન્સિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે રાજસ્થાનના ફલોદી અને સાચોર પોલીસ સ્ટેશનના વિસ્તારમાં ઘરફોડ ચોરીના ગુનામાં નાસતો ફરતો શ્રવણકુમાર જોધારામ ખિલ્લેરી નામના શખ્સને દબોચી લઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જયારે એક બનાવમાં રૂરલ એલસીબી ટીમના પીએસઆઈ ડી.જી.બડવા, એએસઆઈ રવિભાઈ સહિતના સ્ટાફે મેટોડા જીઆઈડીસી વિસ્તારમાંથી અગાઉ શહેર અને ગ્રામ્યમાં તડીપાર થયેલ વિપુલ રતુ સાડમીયા અને ગોરધન જકશી સાડમીયાને ચોરાઉ બાઈક સાથે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે નારી ઉત્કર્ષની ગાથા વર્ણવતો મહિલા દિન ઉજવાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ગુરુદેવ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં તા.૧૪ જૂન થી તા.૧૦ જુલાઈ દરમિયાન રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે વિવિધ સાંસ્કૃતિક અને રસપ્રદ કાર્યક્રમોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે ત્યારે તેમના રોકાણ દરમિયાન કાર્યકર સુવર્ણ મહોત્સવ નિમિતે બાલિકા, યુવતી તથા મહિલા પાંખ દ્વારા 'સુવર્ણ વર્ષે સુવર્ણ ગાથા સન્નારીઓની' મધ્યવર્તી વિચાર સાથે વિરાટ મહિલા દિનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્ત્રી એટલે એવું પાત્ર જે ન હોય તો આ દુનિયા જ શક્ય નથી. સ્ત્રી એટલે સ્વયં શક્તિ. બીજી દરેક શક્તિઓ જેના દ્વારા આકાર પામે છે એ સ્ત્રી છે. આવી જ સ્ત્રી શક્તિને બિરદાવવા રાજકોટ બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરે વિરાટ મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહિલા સંમેલનમાં ૧૦,૦૦૦ જેટલી નાની બાલિકાઓથી લઈને વયોવૃધ મહિલાઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત સંગીતજ્ઞ મહિલાવૃંદ દ્વારા ધૂન, પ્રાર્થનાં અને સ્તુતિ દ્વારા કરવામાં આવી હતી. બાલિકાઓએ મંગલાચરણ દ્વારા ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યું. ત્યારબાદ 'આનંદનો રંગ ઢોળો' કીર્તન દ્વારા બાલિકાઓએ આકર્ષક નૃત્યકલા



પ્રસ્તુત કરી હતી. 'સુવર્ણ વર્ષે સુવર્ણ ગાથા સન્નારીઓની' વિષયક પ્રેરણાત્મક સંવાદ યુવતીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં કાર્યકરોની સત્સંગ, સમર્પણ, સમજણ, સંપભાવનાનો સંદેશો પણ સર્વે પ્રાપ્ત કર્યો. જેમાં ૨ વર્ષની બાલિકાથી લઈને ૭૦ વર્ષની મહિલાઓ દ્વારા પ્રેરક પ્રસ્તુતિ કરવામાં આવી હતી જેઓ છેલ્લા ૧ મહિનાથી આ પ્રસ્તુતિ માટે જહેમત ઉઠાવી રહ્યા હતા. નાની બાલિકાઓ કે જેમણે સંસ્કૃતનો અભ્યાસ કરી વિશ્વ કક્ષાએ ક્રમાંક લાવી હતી તેનું સન્માન કરવામાં આવ્યું હતું.નારીઓની પવિત્રતા, નિર્મળતા, સમર્પણભાવ અને સંસ્કારયુક્ત પ્રતિભાથી કોઈપણ યુગ દીપી ઉઠે છે તેનું સાક્ષાત ઉદાહરણ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની મહિલા પ્રવૃત્તિ પૂરું પાડે છે.

## મોરબીના વેજીટેબલ રોડ ઉપર બાવળની કાંટમાં છૂપાવી રાખેલ વિદેશી દારૂની ૮૨ બોટલ સાથે બે આરોપીની ધરપકડ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ વેજીટેબલ રોડ ઉપર લાભનગર નજીક બાવળની કાંટમાં વેપલો કરવાના ઇરાદે છૂપાવી રાખેલ વિદેશી દારૂની નાની મોટી ૮૨ બોટલ સાથે ડીસ કનેકશનના બે ધંધાર્થી ઝડપી લઇ બંને આરોપીઓ વિરૂધ્ધ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહિ. હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન ખાનગીરાહે મળેલ હકીકતના આધારે મોરબી-૨ વેજીટેબલ રોડ, લાભનગરની બાજુમા, મંદીરની સામે બાવળની જાળીમાથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની નાની મોટી કુલ બોટલ નંગ-૮૨ કિ.રૂ. ૩૪,૩૦૦/- ના મુદામાલ સાથે આરોપી વિજયભાઇ ગોરધનભાઇ દેગામા ઉવ.૩૧



ધંધો- ડીસ કનેક્શન રહે-લાભનગરની બાજુમા વાડી વિસ્તાર મોરબી-૨ તથા જયેશભાઇ જયંતીભાઇ માકાસણા ઉવ.૨૪ ધંધો- ડીસ કનેક્શન રહે-ધરમપુર, નિશાળ પાછળ તા.જી.મોરબીની સ્થળ ઉપરથી રેઇડ દરમ્યાન ઇગ્લીશ દારૂના જથ્થા સાથે અટકાયત કરી બંને આરોપીઓ વિરૂધ્ધ કાયદેશરની કાર્યવાહી કરેલ છે.

## કોટડાસાંગાણીના પીપલાણા ગામે જુગાર ક્લબ ઝડપાઈ : રૂ.૬.૯૫ લાખનો મુદ્દામાલ કબજે

### સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી રૂરલ એલસીબીની ટીમે દરોડો પાડ્યો : પાંચ જુગારી ઝડપાયા : ક્લબના સંચાલક સહિત ત્રણની શોધખોળ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટના કોઠારિયા સોલવન્ટ પાસે રસુલપરાના નામચીન જુગારીએ ચાલુ કરેલી કોટડાસાંગાણીના પીપલાણા ગામે ચાલતી જુગાર ક્લબ પર સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી રૂરલ એલસીબીની ટીમે દરોડો પાડી પાંચ જુગારીઓને દબોચી લઈ રૂ.૬.૯૫ લાખનો મુદ્દામલ કબજે કરતા જુગારીઓમાં ફફડાટ ફેલાયો છે.

આ અંગેની માહિતી મુજબ રૂરલ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઈ બી.જી.બડવા તથા પીએસઆઈ એચ.સી.ગોહિલ, એએસઆઈ બ્રિજરાજસિંહ, બાલકૃષ્ણભાઈ, હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ સહિતનો સ્ટાફ કોટડાસાંગાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, રાજકોટના રસુલપરામાં રહેતા નામચીન જુગારી રાજન જુમા દલ નામના શખ્સે કોટડાસાંગાણીના પીપલાણા ગામે જુગાર ક્લબ શરૂ કરી બહારથી માણસો બોલાવી જુગારના સાધનો પુરા પાડી ઘોડીપાસાનો જુગાર રમાડતા હોવાની હકીકત મળતા રૂરલ એલસીબીની ટીમે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા રાજકોટના રૂખડીયા કોલોની પાછળ નરસંગપરામાં રહેતો કરણ ઉર્ફે નંનકુ દદુ ચાવડા, નવા થોરાળા રામનગર સોસાયટીમાં રહેતો રજાક નુરમહમદ ચુડાસમા, મોરબી વાકાંનેર દરવાજા પાસે રહેતો હનીફ હુશેન શાહમદાર, જંક્શન પ્લોટમાં રહેતો ધર્મેશ ભોજરાજ જેઠાણી તથા સુનિલ જમનાદાસ બખતીયાપુરી સહિત પાંચ શખ્સોને દબોચી લઈ રોકડા રૂ.૧.૬૦ લાખ, પાંચ મોબાઈલ, એક વાહન સહિત કુલ રૂ.૬.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી નાસી ગયેલો ક્લબનો સંચાલક રાજન જુમા દલ (રહે.રસુલપરા કોઠારિયા) અમિન ઉર્ફે સિકંદર કાદર મકડ (રહે.હનુમાનમઢી રાજકોટ) અને મોરબીમાં ઘાંચી શેરીમાં રહેતો રોબટ નામના ત્રણ શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાલે વિશ્વ યોગ દિવસ નિમિત્તે પાંચ સ્થળોએ યોગનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યોગ એ આપણી ભારતીય સંસ્કૃતિની દેન છે. પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યાને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંયુક્ત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સયુંકત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજુર કરવામાં આવેલ. જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જુનના દિવસને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. યોગનો પ્રચાર પ્રસાર થાય અને યોગને પ્રોત્સાહન મળે તે માટે આ વર્ષે પણ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૧મી જુન વિશ્વ યોગ દિવસ નિમિતે સવારે ૦૬:૦૦ કલાકે શહેરના પાંચ સ્થળોએ યોગનું આયોજન કરવામાં આવેલ છે. આ આયોજનના ભાગરૂપે આજે તા.૨૦-૦૬-૨૦૨૪ના રોજ રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ દ્વારા ચાર સ્થળ ખાતે વિઝિટ કરી અધિકારીશ્રીઓ પાસેથી તૈયારીના ભાગરૂપે માહિતી મેળવી હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિશ્વ યોગ દિન નિમિતે શહેરમાં કુલ પાંચ સ્થળોએ યોગનું આયોજન કરવામાં આવ્યું છે જેમાંથી ચાર સ્થળ ખાતે પદાધિકારીશ્રીઓ દ્વારા વિઝિટ કરવામાં આવી હતી. તેમાં (૧) સેન્ટ્રલ ઝોન, શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્ષ (૨) વેસ્ટ ઝોન, નાનામવા ચોક ખાતેનું મેદાન, (૩) ઈસ્ટ ઝોન, ગ્રીન લેન્ડ પાર્ટી પ્લોટ, (૪) મહાત્મા ગાંધી મ્યુઝિયમ વિગેરે સ્થળની વિઝિટ કરી આયોજન અંગે અધિકારીશ્રીઓ પાસેથી માહિતી જરૂરી સૂચનાઓ આપી હતી.

## મોરબીના શોભેશ્વર રોડ મફતીયાપરાના રહેણાંકમાં જુગાર રમતા પાંચ શકુનીઓ ઝડપાયા

### ક્રાઇમ બ્રાંચ પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂપિયા ૬૦,૫૦૦ કબ્જે લીધા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમને મળેલ બાતમીને આધારે મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ કુબેર ટોકિઝ પાછળ, શોભેશ્વર રોડ ઉપર મફતીયાપરાના રહેણાંક મકાનમાં દરોડો પાડી નાલ ઉઘરાવી તીનપત્તીનો જુગાર રમી રમાડતા મકાન માલિક સહિત કુલ પાંચ જુગારીની અટક કરી તમામ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી એલ.સી.બી. ના પો.હેડ.કોન્સ.ચંદુભાઇ કાણોતરા, નિરવભાઇ મકવાણા, તથા પો.કોન્સ. ભગીરથસિંહ ઝાલાને સંયુકતમાં હકીકત મળેલ કે શોભેશ્વર રોડ ઉપર આવેલ મફતીયાપરાના રહેણાંકમાં રાજુભાઇ બાબુભાઇ કોળી પોતાના રહેણાંક



મકાનમાં બહારથી માણસો બોલાવી ગેરકાયદેસર ગંજીપતા વડે પૈસાની હારજીતનો તીન પતીનો જુગાર રમી રમાડી સાધન સગવડ પુરી પાડી તેની અવેજમાં પોતાના અંગત ફાયદા સારૂ નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવે છે. જે હકિકત આધારે મળેલ બાતમી મુજબના સ્થળે દરોડો પાડતા રહેણાંકમાં જુગાર રમતા રાજુભાઇ બાબુભાઇ ચૌહાણ ઉવ-૫૪ રહે.મોરબી શોભેશ્વર રોડ મફતીયાપરામાં, અબ્દુલભાઇ મામંદભાઇ જુણાજ ઉવ-૫૬ રહે. મોરબી જુના બસસ્ટેન્ડ પાસે ધાંચી શેરી, સફીર તારમહમંદભાઇ મોટલાણી ઉવ-૪૯ રહે.મોરબી સબજેલ પાછળ બોરીચાવાસ, ભુપેન્દ્રસિંહ ખોડુભા પરમાર ઉવ-૫૭ રહે.મોરબી નવા હાઉસીંગ બોર્ડમાં બ્લોક ન.૨૩૧ તથા ઇસ્માઇલ કાદરખાન બ્લોચ ઉવ-૪૮ રહે.મોરબી મકરાણીવાસને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. એલસીબી પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂ. ૬૦,૫૦૦/- કબ્જે લઈ પાંચેય આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગરની જી.જી. હોસ્પિટલ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ કામગીરી કરવામાં સમગ્ર રાજ્યમાં અગ્રેસર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, સરકારની મહત્વની એવી આરોગ્યલક્ષી યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે જોડાયેલ હોસ્પિટલોમાં દર્દીઓની સારવાર વિનામૂલ્યે કરવામાં આવે છે. જામનગરની ગુરુ ગોવિંદસિંહ સરકારી હોસ્પિટલ ખાતે પણ દર્દીઓને આ યોજનાનો લાભ આપી વિવિધ સારવારના ક્લસ્ટર મુજબ બ્લોક કરી વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં જી.જી.સરકારી હોસ્પિટલ જામનગરે ૫૭૬૦ દર્દીઓના કલેમ કરી રૂ.૧૧ કરોડથી વધુ આવક પ્રાપ્ત કરી ગુજરાતમાં અગ્રેસર રહી છે.સમગ્ર ગુજરાતમાં જી.જી. સરકારી હોસ્પીટલે સૌથી વધારે દર્દીના ક્લેમ કરી ક્લેમ બ્લોકના લીસ્ટમાં ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ છે. જ્યારે ઇન્કમની સરખામણી કરતા પ્રથમ નંબર પર



આવેલ સરકારી હોસ્પિટલને સમકક્ષ ૧૧ કરોડ થી વધારેના ક્લેમ કરવામાં આવેલ છે. જી. જી. હોસ્પિટલ દ્વારા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૯૯૪ ક્લેમ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૫૭૬૦ ક્લેમ તથા ચાલુ વર્ષે મે-૨૦૨૪ સુધીમાં ૧૨૮૨ ક્લેમ કરવામાં આવ્યા છે.

મે-૨૦૨૪માં ગુજરાત સરકાર દ્વારા હોસ્પિટલ ક્લેમ ડેટા તેના દ્વારા જનરેટ કરેલ ઇન્કમનો ડેટા, આયુષમાન કાર્ડ કાઢવાની કામગીરી વગેરેનો અહેવાલ રીપોર્ટ જાહેર કરવામાં આવેલ હતો.જેમાં દર્દીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સારવાર મળી રહે તે માટે શ્રેષ્ઠ કામગીરી કરેલ હોસ્પિટલોને પ્રોત્સાહન આપ્યું હતું. જેમાં જી.જી સરકારી હોસ્પિટલ જામનગરે વર્ષ ૨૦૨૩-૨૪માં ૫૭૬૦ કલેમ કરી, કલેમ કરેલ હોસ્પીટલોમાં ત્રીજુ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જયારે ઇન્કમની સરખામણીએ જોવામાં આવે તો પ્રથમ નંબર પર કલેમ કરનાર સરકારી હોસ્પીટલની ઇન્કમને સમકક્ષ રૂ.૧૧ કરોડથી વધુ રકમ ઊભી કરી જામનગરનું ગૌરવ વધાર્યું છે.

જી.જી. હોસ્પિટલ દ્વારા જાહેર જનતાને પણ અપીલ કરવામાં આવી છે કે સંસ્થા ખાતે સારવાર લેવા જતાં ઙખઉંઅઢ કાર્ડ સાથે લાવવું. જેથીવધુમાં વધુ જરૂરિયાતમંદો આ યોજનાનો લાભ લઇ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ સારવાર ફ્રી માં મેળવી શકે.

# કોઠારિયા પાસે સ્વાતિ પાર્કના રસ્તે મળેલી લાશનો ભેદ ઉકેલાયોઃ પૈસાની લેતી દેતીમાં પટેલ યુવાનની હત્યા થયાનું ખુલ્યું


## સામાકાંઠાના વિપુલ કયાડાને ક્રુરતાથી રહેંસી નાંખી લાશ સળગાવી દીધાનું ખુલ્યુંઃ ભરવાડ શખ્સ સહિતનાઓની આકરી પુછપરછ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા વિસ્તારમાં આવેલા સાંઈબાબા સર્કલથી સ્વાતિ પાર્ક જવાના રસ્તા પર અવાવરૂ જગ્યાએથી એક યુવાનની હત્યા કરી સળગાવી દેવામાં આવેલી લાશ મળી આવતાં ચકચાર મચી ગઇ છે. ઘટનાની જાણ થતાં આજીડેમ પોલીસ અને ક્રાઇમ બ્રાંચની ટીમો કામે લાગી હતી. દરમિયાન પ્રાથમિક વિગતો અનુસાર હત્યાનો ભોગ બનનાર યુવાન સામા કાંઠે રહેતો પટેલ પરિવારનો યુવાન હોવાની અને તેને પૈસાની લેતીદેતીમાં રહેંસી નાખી લાશ સળગાવી દેવાનો પ્રયાસ થયાની વિગતો સામે આવતાં વધુ તપાસ આગળ ધપાવાઇ છે. કલાકોમાં ભેદ ઉકેલાઇ જવાની આશા છે.



આ બનાવની જાણવા મળેલી માહિતી મુજબ ગત મોડી સાંજે કોઠારીયાના સ્વાતિ સોસાયટીની બાજુમાં જતાં કાચાર સ્તા પર ખુલ્લી જગ્યામાં અજાણ્યા પુરૂષની અર્ધ સળગેલી લાશ પડી હોવાની જાણ થતાં આજી ડેમ પીઆઇ અશોકસિંહ બી. જાડેજા તથા ડી. સ્ટાફની ટીમ તુરત જ ઘટના સ્થળે પહોંચી હતી. લાશ બનાવ હત્યાનો હોવાનું જણાતું હોઇ ક્રાઇમ બ્રાંચના પીઆઇ એમ. આર. ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ એમ. જે. હુણ અને તેમની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી. આ પોલીસ ઉપરાંત ક્રાઈમ બ્રાંચનો કાફલો દોડી ગયો હતો. આ બનાવમાં કોન્સ્ટેબલ મુન્નાભાઇ મેઘજીભાઇ ઢાપા (ઉ.વ.૩૦)ની ફરિયદ પરથી અજાણ્યા શખ્સ અને તપાસમાં ખુલે તેના વિરૂધ્ધ આઇપીસી ૩૦૨, ૨૦૧ મુજબ અજાણ્યા આશરે ૩૫ થી ૪૦વર્ષના યુવાનને કોઇપણ કારણોસર મારી નાખી તેની ઓળખાણ છત્તી ન થાય તે માટે લાશ સળગાવી નાખ્યાનો ગુનો નોંધ્યો હતો.



વધુ માહિતી મુજબ મોઢાના ભાગે સીંદરી બાંધી અને બંને હાથ બાંધી મળતકની હત્યા કરાયાનું પણ જણાઇ આવ્યું હતું. હત્યાનો ભોગ બનનારે આખી બાંહનું કાળુ શર્ટ અને ભુખરા કલરનું જીન્સનું પેન્ટ પહેરેલું છે. આ કપડા પણ અડધા બળી ગયા છે. આજીડેમ પોલીસ અને ક્રાઇમ બ્રાંચની ટીમોએ આ ઘટના સ્થળ તરફ આવતા જતા રસ્તા આસપાસના સીસીટીવી કેમેરાની મદદ લીધી હતી. મોડી રાતે ક્રાઇમ બ્રાંચની ટીમને મહત્વની કડી મળી હતી. હત્યાનો ભોગ બનનાર યુવાન સંત કબીર રોડ વિસ્તારનો પટેલ પરિવારનો યુવાન હોવાની ચર્ચા વહેતી થતાં તે તરફ તપાસના ચક્રો ગતિમાન કરાયા હતાં. પૈસાની લેતીદેતીના મામલે હત્યા થયાની વિગતો પણ સામે આવી રહી હોઇ ક્રાઇમ બ્રાંચની ટીમ અંકોડા મેળવી રહી છે. કલાકોમાં ભેદ ખુલી જવાની શક્યતા છે. ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીબી બી. બી. બસીયા, પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ એમ. જે. હુણ અને ટીમ તથા આજીડેમ પીઆઇ એ. બી. જાડેજાની ટીમ વધુ તપાસ કરે છે.

# ગોંડલ જસદણ હાઈ-વે પર બે કાર સામસામે અથડાતા મહિલા સહિત બેના મોતઃ પાંચને ઈજા

## ટ્રકને ઓવરટ્રેક કરવા જતા ઈનોવા કાર, સામેથી આવતી ટ્રીબર કાર સાથે ધડાકાભેર અથડાઈઃ ઈજાગ્રસ્તોને સારવારમાં ગોંડલ સરકારી હોસ્પિટલમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ-જસદણ હાઇવે પર અનેક નાના-મોટા અકસ્માતો સર્જાય છે. ત્યારે ફરી આજે વહેલી સવારે ઘોઘાવદર ગામ નજીક બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક મહિલા સહિત ૨ના મોત નિપજ્યા છે. જ્યારે ૫ લોકો ઇજાગ્રસ્ત થયા છે. ઇજાગ્રસ્તને સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ અને નગરપાલિકાની એમ્બ્યુલન્સ મારફતે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે મૃતકના મૃતદેહને પી.એમ અર્થે ગોંડલ અને જસદણ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ અંગેની માહિતી મુજબ ગોંડલ તાલુકાના ઘોઘાવદર ગામ નજીક ઇનોવા કાર અને ટ્રાઇબર કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ઇનોવા કાર જસદણથી કોડીનાર જતી હતી, ત્યારે ઇનોવા કારચાલક ટ્રકની ઓવરટેક કરવા જતાં ગોંડલ તરફથી સામે આવતી ટ્રીબર કાર સામે અથડાઇ હતી. બંને કાર વચ્ચે સામસામે જોરદાર ટક્કરને લીધે બંને કાર પલટી મારી જવા પામી હતી.





ઇનોવા કારમાં પાંચ લોકો સવાર હતા. જેમાં GJ.03 HA.1117 નંબરની ઇનોવા કાર ચાલક આરીફ હબીબ પરમારનું સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતું અને ઇનોવા કારમાં સવાર રેહાનાબેન અસરફભાઈ ખીમાણી નામની મહિલાનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતું.

ઇનોવા કારમાં અન્ય ત્રણ લોકો નસરીનબેન અસ્લમભાઇ પરિયાણી (ઉ.વ.૫૦), હાજી હુસેનભાઈ ખીમાણી (ઉ.વ.૭૦) અને સેજાનભાઇ ખીમાણી (રહે.બધા જસદણ) અને ગોંડલ તરફથી આવતી GJ.03 ML. 8781 નંબર ટ્રીબર કારમાં સવાર પરેશ જેન્તી ડાંગર (ઉ.વ.૨૫) અને તેજસ રવજીભાઈ પાનસુરીયા (ઉ.વ.૨૫)ને ઇજા થતાં ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘોઘાવદર નજીક બે કાર વચ્ચે ગોઝારો અકસ્માત વહેલી સવારે થયો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સના પાયલોટ પ્રતાપભાઇ અને ઊખઝ કાનજીભાઈને સવારે સવા છ વાગ્યાની આસપાસ અકસ્માતનો કોલ આવ્યો હતો. જેમાં બે ૧૦૮ એમ્બ્યુલન્સ, ૨ નગરપાલિકાની એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી હતી. જ્યારે શિવમ સાર્વજનિક ટ્રસ્ટના દિનેશ માધડ, નગરપાલિકા ફાયર સ્ટાફ, સામાજિક કાર્યકરો સહિતના સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા હતા. અકસ્માતના સમગ્ર બનાવને લઈને ગોંડલ તાલુકા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી.

# મનપાના પૂર્વ ટીપીઓ સાગઠીયા સામે અપ્રમાણસર મિલ્કતનો ગુનો દાખલ

## અગ્નિકાંડના સસ્પેન્ડ ટીપીઓ સાગઠીયા પાસે આવક કરતા ૪૧૦% વધુ સંપતિઃ આરોપીના નામે રાજકોટમાં ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અમદાવાદમાં બંગલો મળી આવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના નાના મવા રોડ મોકાજી સર્કલ પાસેના ટીઆરપી ગેમઝોનની અગ્નિકાંડ દુર્ઘટનામાં સંડોવાયેલ રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર, મનસુખભાઈ ધનાભાઈ સાગઠીયા, વિરૂધ્ધ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ થયો છે. ક્રાઈમ બ્રાન્ચના ગુનામાં રિમાન્ડ પર રહેલા સાગઠિયાની રિમાન્ડ આવતા સોમવારે પુરી થયે એસીબી કબજો મેળવી ધરપ્પકડ કરશે. એસીબી દ્વારા તા.૦૧/૦૪/૨૦૧૨થીતા.૩૧/૦૫/૨૦૨૪ના સમયગાળાના ચેક પિરીયડ દરમ્યાન તેના દ્વારા વસાવવામાં આવેલ મિલકતોની તપાસ હાથ ધરવામાં આવેલ. તપાસ દરમ્યાન મેળવવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ તથા બેંક ખાતાઓની વિગતો



અને વિવિધ સરકારી કચેરીઓમાંથી મેળવેલ દસ્તાવેજી માહિતી તથા તેમના નાણાંકીય વ્યવહારોની માહિતી એકત્રીત કરવામાં આવેલ. તપાસના અંતે મળેલ તમામ વિગતોનું એ.સી.બી.ના નાણાંકીય સલાહકાર દ્વારા વિશ્લેષણ કરવામાં આવેલ. આક્ષેપીતે પોતાની કાયદેસરની ફરજ દરમ્યાન પોતાના જાહેર સેવક તરીકેના હોદાનો દુરૂપયોગ કરી, ઈરાદાપૂર્વક ગેરકાયદેસર રીતે પોતે ધનવાન થવા માટે, વિવિધ ભ્રષ્ટ રીત રસમો અપનાવી, ભ્રષ્ટાચારથી નાણા મેળવી, તે નાણાંનો ઉપયોગ કરી પોતાના તથા આશ્રીતોના નામે મિલકતમાં રોકાણ કરેલાનું પ્રાથમિક દ્રષ્ટીએ ફલિત થયેલ છે. આક્ષેપીતે પોતાની કાયદેસરની આવક રૂ.૨,૫૭,૧૭,૩૫૯ (બે કરોડ સતાવન લાખ સતર હજાર ત્રણસો ઓગણ સાંઈઠ)ના પ્રમાણમાં પોતાના તથા પોતાના પરિવારજનોનાં નામે કુલ રોકાણ અને ખર્ચ રૂ.૧૩,૨૩,૩૩,૩૨૩ (તેર કરોડ તેવીસ લાખ તેત્રીસ હજાર ત્રણ સો ત્રેવીસ) કરેલાનું તપાસ દરમ્યાન ફલિત થયેલ છે. આમ, આક્ષેપીતે પોતાની કાયદેસરની આવકના પ્રમાણમાં શ. ૧૦,૫૫,૩૭,૩૫૫/- (દસ કરોડ પંચાવન લાખ સાડત્રીસ હજાર ત્રણ સો પંચાવન )ની વધુ સંપતિ વસાવેલાનું જણાઈ આવેલ છે જે તેઓની આવકના પ્રમાણમાં ૪૧૦.૩૭% થી વધુ અપ્રમાણસર મિલકતો છે. આ કામે સમગ્ર પ્રાથમિક તપાસ કરનાર અધિકારી જે.એમ.આલ, ફિલ્ડ પોલીસ ઈન્સ્પેકટર, એ.સી.બી. રાજકોટ એકમ રાજકોટનાઓએ સરકાર તરફે ફરિયાદી તરીકે રાજકોટ શહેર એ.સી.બી. પો.સ્ટે.માં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ (સુધારા- ૨૦૧૮)ની કલમ-૧૩(૧)બી, ૧૩(૨) મુજબનો ગુનો આક્ષેપીત વિરૂધ્ધ નોંધાવેલ છે. આ ગુનાની આગળની તપાસ રાજકોટ એકમના મદદનીશ નિયામક કે.એચ. ગોહિલના સુપરવિઝન હેઠળ સુરેન્દ્રનગર એ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર એમ.એમ. લાલીવાલાને સોંપવામાં આવેલ છે.

# ગોંડલના ચકચારી ગુજસીટોકના ગુનામાં પોલીસે જપ્ત કરેલા વાહનો પરત સોંપવાની અરજી મંજુર

## નિખિલ દોંગા ગેંગના ચાર આરોપી પાસેથી બે કાર અને બે સ્કૂટર કબ્જે લેવામાં આવ્યા'તા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના ચકચારી નીખીલ દોંગા સહિતના સામે નોંધાયેલા ગુજસીટોકના ગુનામા કબ્જે કરવામાં આવેલી બે કાર અને બે સ્કૂટર પરત મેળવવા ચાર આરોપીએ કરેલી અરજી અદાલતે મંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ ગોંડલના કુખ્યાત નીખીલ દોંગા સહીત ૧૨ આરોપીઓ સામે ગોંડલના નાયબ પોલીસ અધીક્ષક પી.એ. ઝાલાએ પ્રતિબંધિત સંગઠિત ગુન્હાઓ આચરી ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરીરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ એક્ટ ૨૦૧૫ અન્વયે




ફરિયાદ નોંધાવી હતી. બાદ જેલર સહીત તપાસના કામે અન્ય ત્રણ આરોપીની સંડોવણી ખુલતા તપાસના અંતે ૧૫ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ

દાખલ કર્યું હતુ. જે ગુનામાં તપાસ કરનાર અધીકારીએ દિનેશ બચુભાઈ પાંભર અને જીતેન્દ્ર અરજણભાઈ ગોંડલીયા પાસેથી કાર તેમજ રમેશ લાલજીભાઈ સખીયા અને મનીષ મગનભાઈ શીરોયા પાસેથી સ્કૂટર મુદ્દામાલ તરીકે કબજે કરવામા આવ્યા હતા. જે વાહનોના માલીકો દ્વારા વાહનો પરત મળવા ગુજસીટોકની ખાસ અદાલત અને પ્રીન્સીપાલ ડીસ્ટ્રીકટ જજની કોર્ટમાં અરજીઓ દાખલ કરી હતી. જે અરજી ચાલવા ઉપર આવતા અરજદાર આરોપીના એડવોકેટ સુરેશ ફળદુ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ ચારેય અરજદારોની મુદામાલ વાહન પરત સોંપવાની અરજીઓ મંજુર કરતો હુકમ ફરમાવવામાં આવ્યો છે.

આ કેસમાં ચારેય અરજદારો વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા, કિશન માંડલીયા, ભાવીક ફેફર, જય પીઠવા, મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, આર્યન કોરાટ, ભાવીન ખુંટ, જસ્મીન દુધાગરા અને અજય સભાયા રોકાયા હતા.

# કોઠારિયા સોલ્વંટ પાસે ગૃહ કલેશ બાબતે ૧૦૧ની ટીમે પતિ-પત્નીનું સમાધાન કરાવ્યા બાદ પરિણીતાનો આપઘાત

## વતનમાંથી પરત આવ્યા બાદ પરપ્રાંતિય દંપતિમાં ઝઘડો થતા મહિલા ઘરેથી નીકળી ગઈ'તી અભયમની ટીમે સમાધાન કરાવ્યું'તુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં બે દિવસ પૂર્વે જ વતનમાંથી પરત ફરેલા દંપતી વચ્ચે જમવા મુદ્દે ઝઘડો થતા પરિણીતા ઘરેથી નીકળી ગઈ હતી. ઘરેથી નીકળી ગયેલી પરિણીતાનું ટીમ અભ્યમે પતિ સાથે સમાધાન કરાવી પરત સોંપી હતી. પરંતુ ટીમ અભ્યમએ કાઉન્સેલીંગમાં કાંચુ કાપ્યુ હોય તેમ દંપતિ વચ્ચે સમાધાન કરાવ્યાના ગણતરીના કલાકોમાં જ પરણીતાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પરણીતાના મોતથી બે માસની બાળકીએ માતાની છાત્રછાયા ગુમાવતા પરિવારમાં અરેરાટી



સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

શહેરમાં કોઠારીયા સોલવન્ટના શીતળાધાર વિસ્તારમાં રહેતી રાનીબેન શિવકુમાર ગૌતમ નામની ૨૭ વર્ષની પરણીતા પોતાના ઘરે હતી ત્યારે વહેલી સવારે છતના હૂંકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટના અંગે જાણ થતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી પરણીતાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો.

આ અંગે પ્રાથમિક પૂછપરછમાં મૃતક રાનીબેન ગૌતમ મુળ ઉત્તરપ્રદેશની વતની છે અને તેણીના બે વર્ષ પૂર્વે જ શીવકુમાર ગૌતમ સાથે લગ્ન થયા હતા. તેણીને સંતાનમાં બે માસની પુત્રી છે. શ્રમિક દંપતિ બે દિવસ પૂર્વે જ વતનમાંથી પરત ફર્યુ હતું. જમવા મુદ્દે દંપતી વચ્ચે ઝઘડો થતા રાનીબેન ગૌતમ ઘરેથી નીકળી ગઈ હતી. ઘરેથી નીકળી ગયેલી પરિણીતાનું આજીડેમ લોકેશન ખાતે કાર્યરથ ટીમ અભયમના કાઉન્સેલર સુમીતા પરમાર સહિતની ટીમે કાઉન્સેલીંગ કરી દંપતી વચ્ચે સમાધાન કરાવ્યુ હતું. પરંતુ ટીમ અભયમના કાઉન્સેલરે કાઉન્સેલીંગમાં કાચું કાપ્યુ હોય તેમ સમાધાનના ગણતરીના કલાકોમાં જ પરિણીતાએ ગળેફાંસો ખાઈ આત્મઘાતી પગલુ ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

# તિરૂપતિ સોસાયટી, પંચવટી સોસાયટી, કુવાડવા સહિત નવ સ્થળોએ જુગારના દરોડા

## સ્થાનિક પોલીસે દરોડા પાડી ૪૮ જુગારીઓને દબોચી લઈ લાખોનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભીમ અગિયારસના તહેવાર દરમિયાન પોલીસે પેટ્રોલિંગમાં ૯ સ્થળે દરોડા પાડી ૪૮ શખ્સને પકડ્યા હતા. ગ્રીનલેન્ડ ચોકડી પાસે તિરુપતિ સોસાયટીમાં જુગારધામ પર દરોડો પાડી જુગાર રમતો મુકેશ વનાણી, રાજેશ સરવૈયા સહિત ૫ને ઝડપી લઇ રૂ.૩૫ હજારની રોકડ સહિતની મતા કબજે કરી હતી.

બીજા દરોડામાં મોરબી રોડ પર પંચવટી સોસાયટીમાં જુગાર રમતો સંજય શિંગાળા, સુરેશ રામાણી, બાબુ વસોયા સહિત ૭ શખ્સને ઝડપી લઈ રૂ.૧૭ હજારની રોકડ કબ્જે કરી હતી. જ્યારે બેડી ગામે ચામુંડા સોસાયટીમાં દરોડો પાડી જુગાર રમતા દલસુખ બાહુકિયા, હિતેશ મકવાણા, જયસુખ નાગાણી સહિત ૫ને પકડ્યા હતા. તેમજ કુવાડવામાંથી જુગાર રમતો વિજય બાહુકિયા, દિનેશ અંબાણિયા સહિત ૫ને ઝડપી રૂ.૫૦ હજારની મતા કબ્જે કરી હતી. અન્ય દરોડામાં જીવરાજ પાર્ક પાસેની લક્ષ્મણ ટાઉનશિપમાં જુગારધામ પર દરોડો પાડી પોલીસે જુગાર રમતા રીટાબા ગોહિલ, રીનાબેન સરવૈયા સહિત ચાર શખ્સને પકડી રૂ.૧૦ હજારની રોકડ સહિતની મતા કબ્જે કરી હતી અને બેડીપરા નદીના કાંઠે જુગાર રમતા કાના સરસિયા, નારણ સરસિયા સહિત ચારને પકડ્યા હતા. જ્યારે બેડી ગામ નજીક ઘનશ્યામભાઈની વાડીમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડો પાડી અજય કાનગડ, ભીખા બાલાસરા સહિત પાંચને પકડી રૂ.૨૭ હજારની રોકડ, પાંચ મોબાઇલ, પાંચ વાહન મળી રૂ.૧.૯૩ લાખની મતા કબજે કરી હતી.

ભીમનગરમાં મકાનમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડો પાડી પુજાબેન ચાવડા, ભાવનાબેન રાઠોડ સહિત ૬ શખ્સોને ઝડપી લઇ તેની પાસેથી ૧૦ હજારની મતા કબ્જે કરી હતી. જ્યારે પ્રજાપતિનગરમાંથી મકાનમાં જુગાર રમતો રતુ ચાવડા, પ્રવિણ મુશડિયા સહિત ૭ને ઝડપી ૧૬ હજારની રોકડ કબ્જે કરી હતી.

# સિવિલ હોસ્પિટલના ઓપીડી વિભાગમાં સિલીંગ ફેન તુટી યુવાનની માથે પડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સિવિલ હોસ્પિટલમાં આજે ઓપીડી બિલ્ડિંગમાં દર્દીઓના વલવલાટ વચ્ચે દવાબારી પાસે છતમાંથી સિલિંગફેન તૂટી પડતા ઘડી-બે ઘડી દર્દીઓમાં નાસભાગ મચી ગઈ હતી.જાણકારોએ કહ્યું કે અત્યાર સુધી સિવિલ હોસ્પિટલમાં છતમાંથી પાણી ટપક્તા હોવાની દર્દી ઓની ફરિયાદો અગાઉ અખબારોમાં છપાઈ ચૂકી છે. પણ આજે પાણી નહીં સિલિંગફેન તૂટી પડતાં દર્દી ઓમાં ભય ફેલાયો હતો. બનાવને નજરે જોનારાઓએ ત્યાં સુધી કહયુ કે તૂટી પડેલો પંખો એક યુવાનના માથા ઉપર પડતા તે લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાંથી



નાસી ગયો હતો.

કહેવાનું તાત્પર્ય એ છે કે કોઈને કોઈ મુદ્દે વિવાદમાં ચમકતી સિવિલ હોસ્પિટલ હવે દર્દી આલમની અસલામતિ બાબતે ફરી ચર્ચામાં આવી છે. અત્રે એ નોંધનિય છે કે આજની ઘટનામાં જો પંખો કોઈ બાળક ઉપર પડયો હોત તો પરિણામ ગંભીર હોત તેવી ચિંતા પણ ઉપસ્થિત દર્દીઓએ વ્યકત કરી હતી. આજે ઔદ્યોગિક વિસ્તારોમાં બુધવારની રજા હોવાથી હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો અન્ય વાર કરતા વધુ રહે છે. ત્યારે જ સિવિલ હોસ્પિટલમાં છતમાંથી સિલિંગફેન તૂટી પડવાની ઘટના બનતા ગભરાટ સાથે ત્યાં ઉપસ્થિત દર્દીઓ અને દર્દી ઓના સ્વજનોએ અંતે જાનહાનિ ટળી હોવાની રાહત વ્યકત કરી હતી.

# સ્કુલવાન સંચાલકોની હડતાલ સમેટાઈ જતા વાલીઓએ રાહતનો દમ લીધો

## સ્કૂલવાન-રીક્ષા માટે સરકારે કમિટીની રચના કરી, જેની તપાસના આધારે માર્ગદર્શિકા તૈયાર કરાશે ત્યાં સુધી કાર્યવાહીને બ્રેક : વાલીઓમાં ખુશીનો માહોલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અગ્નિકાંડ બાદ સરકારના તમામ વિભાગો એક્શન મોડ પર આવી ગયા હતાં. મનપાના ફાયર વિભાગે અલગ અલગ ટીમો શહેરમાં ઉતારી અસંખ્ય સ્કૂલો, હોસ્પિટલો સીલ કરી દીધી હતી. તો સ્કૂલવાનના ચાલકો વિદ્યાર્થીઓને સીએનજી ટાંકી પર બાકડો ફીટ કરી બેસાડતા હોય તે અનઅધિકૃત હોવાથી આરટીઓએ પણ કડક હાથે કામગીરી શરૂ કરી હતી અને તમામ વાન ચાલકોને તાબડતોબ તેમના વાહનો ટેક્સી પાર્સીંગ કરવાની સૂચના આપી હતી. જેના વિરોધમાં રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના સ્કૂલવાન અને રીક્ષા ચાલકો હડતાલ પર ઉતરી ગયા હતાં. ગઈકાલે અમદાવાદ તરફથી એવી જાહેરાત કરવામાં આવી હતી કે આ હડતાલ અચોક્કસ મુદત સુધી ચાલુ રહેશે ત્યારે રાજકોટના 3000 વાનચાલકોએ રોજીરોટીની ઉપાધીમાં અને સરકાર તરફથી મળેલી સુચના બાદ હડતાલને સમાપ્ત કરી છે અને સવારથી જ વિદ્યાર્થીઓને તેડવા-



મુકવાની વર્ધી ચાલુ કરી દેવામાં આવી છે. જેનાથી વાલીઓમાં પણ ખુશીનો માહોલ છવાઈ ગયો છે.

સ્કૂલવાન એસોસીએશનના પ્રમુખ બહાદૂરસિંહે જણાવ્યું હતુ કે, રાજકોટમાં સ્કૂલ વાનમાં ઈંગત્રદ્ધ કીટ ઉપર બાંકડા હોય તો ટેક્સી પાસિંગ કરાવી આપવામાં આવતું નથી. જ્યારે રાજ્યનાં અન્ય જિલ્લાઓમાં આ પ્રકારનો કોઈ નિયમ નથી. પછી, રાજકોટ આરટીઓ કચેરી દ્વારા તમને સ્કૂલવાનમાં CNG કીટ ઊપર બાંકડા મૂકવાની મંજૂરી આપવામા આવે તો જ ૧૪ વિદ્યાર્થીઓને બેસાડી શકાશે. શાળાઓ શરૂ કરવા માટે શરતી મંજૂરી તંત્ર દ્વારા આપવામાં આવી છે તો અમને સ્કૂલ વાનચાલકોને પણ ૩ માસની મુદ્દત આપવામા આવે તેવી માગ છે. આ બાબતે અમે રાજકોટ લોકસભાના ભાજપના સાંસદ પરસોત્તમ રૂપાલાને પણ રજૂઆત કરી હતી.

જે મામલે સરકાર સુધી માહિતી પહોંચતા સરકારે હાલના તબક્કે આરટીઓ અધિકારીઓને કાર્યવાહી નહીં કરવા માટે મૌખીક સુચના આપી દીધી છે. આ ઉપરાંત એવુ પણ સરકારે જાહેર કર્યુ છે કે, આ મામલે એક કમીટી બનાવવામાં આવી છે. આ કમીટી દ્વારા પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવશે. તે અહેવાલના આધારે સ્કૂલવાન અને રીક્ષા માટે માર્ગદર્શિકા તૈયાર કરાશે તે મુજબ તમામે પાલન કરવાનું રહેશે. ત્યાં સુધી સ્કૂલવાન અને રીક્ષા ચાલકો તેમના વાહનો રાબેતા મુજબ ચલાવી શકશે આમ આ માહિતી બાદ રાજકોટ શહેર સ્કૂલવાન એસોસીએશન દ્વારા હડતાલને સમેટી લેવામાં આવી છે.

બહાદૂરસિંહે વધુમાં જણાવ્યું હતું કે, ટેક્સી પાસિંગના રૂ. 30,000નો ખર્ચ છે અને એક સ્કૂલવાન ચાલક પર ૭ વ્યક્તિઓનો જીવન નિર્વાહ ચાલે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT